5(b)

કામ નંબર :- .....૧૦....

મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા, નં.૨૭(ઉત્રાણ-કોસાડ) : સુરત અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૭ હેઠળ આવેલ વાંધા સુચનોની વિચારણા કરી, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) મુજબ સરકારશ્રીને મંજુરી માટે જરૂરી સાહિત્યસહ સાદર કરવા બાબત.

ઠરાવ :-

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા નં. ૨૭(ઉત્રાણ-કોસાડ): સુરતની મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો, તા.૦૯/૦૫/૨૦૦૫ ના મુસદ્દારૂપ નગર રચના યોજના કલમ-૪૧(૧) પરામર્શ (સુચિત)/કલમ-૪૧(૧)પરામર્શ/૨૭(ઉત્રાણ-કોસાડ)/દ.ગુ./૨૧૧૨ થી પરામર્શ મેળવી, યોજના બનાવવાનો સત્તામંડળની તા.૨૩/૧૨/૨૦૦૫ ની બોર્ડ બેઠક નં.૧૯૮ ના ઠરાવ નં. ૨૪૨૯ યોજના માટેનો ઈરાદો જાહેર કરેલ, જે ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભ.ગ-૨ માં તા.૫/૦૧/૨૦૦૬ ના પાના નં. ૫ ઉપર પ્રસિધ્ધ થયેલ.

સદર નગર રચના યોજનાની વિગતવાર દરખાસ્તો તૈયાર કરી, ઉક્ત કાયદાની કલમ-૪૨ અન્વયે પ્રસ્તુત નગર રચના યોજનાની અંદર સમાવિષ્ટ જમીન માલિકો / હીત સંબંધિતોને નોટીસ આપી તેમજ તેની જાહેર બહોળી પ્રસિધ્ધ કરી અને જુદી જુદી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ આપવા જણાવી તેમજ સ્થાનિક દૈનિક વર્તમાનપત્ર, "ગુજરાત સમાચાર", અને "ગુજરાતપ્રભા" ની તા.૭/૦૭/૨૦૦૬ ની આવૃતિમાં પ્રસિધ્ધિ આપી ઓનર્સ મીટીંગનું આયોજન તા.૧૪/૦૭/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ, જે મુજબ ઓનર્સ મીટીંગમાં કુલ ૭૭ ઈસમો એ હાજરી આપેલ તથા હાજર રહેલ તમામને યોજનાની દરખાસ્તો તથા વિવિધ પાસા જેની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ જે અન્વયે જમીન માલિકશ્રીઓ/ હિત સંબંધિતશ્રીઓ દ્વારા કુલ : ૩૮ અરજીથી વાંધા – સુચનો રજુ થયેલ, જેનો અભ્યાસ કરી, જરૂરી ફેરફાર કરાયેલ.

અત્રેથી તા.૨૧/૯/૨૦૦૬ ના રોજ સરકારશ્રીમાં વધુ ત્રણ માસ મુદ્દત લંબાવવા દરખાસ્ત પાઠવેલ, જે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક નરય/૧૪૦૬/૪૫૭૫/૯ તા.૧૬/૧૨/૦૬ થી ગુજરાત નગર રચના યોજના નં.૨૭(ઉત્રાણ-કોસાડ) ની સમય મર્યાદા તા.૨૪/૯/૨૦૦૬ થી તા.૨૩/૧૨/૨૦૦૬ સુધી વધારી આપવામાં આવેલ.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા નં. ૨૭(ઉત્રાણ-કોસાડ)ને ઉક્ત અધિનિયમની કલમ : ૪૨(૧) ની જોગવાઈ હેઠળ ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૨ માં તા.૨૦/૧૨/૨૦૦૬ ના પાન નં.૨૧૪ ઉપર પ્રસિધ્ધિ કરી સુચનો અને વાંધા મંગાવવામાં આવેલ છે. અને સદરહુ અધિસુચન દૈનિક વર્તમાન પત્ર "નવનિર્માણ" તા. ૨૦/૧૨/૨૦૦૬ અને "ગુજરાત સમાચાર" ની તા.૨૦/૧૨/૨૦૦૬ ની આવૃતિમાં પ્રસિધ્ધ થયેલ છે. ઉક્ત અધિનિયમની જોગવાઈ હેઠળ સમય મર્યાદામાં કુલ : ૩૦ રજુઆતો મળેલ, જેનો વિગતે અભ્યાસ કરી, ચર્ચા વિચારણા કરી જરૂરી સુધારા કરી કાયદાની કલમ-૪૮(૧) મુજબ સદરહુ યોજનાનો મુસદ્દો સરકારશ્રીને મંજુરી માટે,જરૂરી સાહિત્યસહ સાદર કરવા આગળની કાર્યવાહી માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તાઆપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(અમલ : ટેકનીકલ શાખા)